# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

## એક્ષટર્નલ ( બાહય ) અભ્યાસક્રમોમાં પ્રવેશ જાહેરાત વર્ષ ૨૦૧૬– ૧૭

કચ્છ યુનિવર્સિટીમાં એક્ષટર્નલ (બાહય) અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિધાર્થીઓને જણાવવાનું કે આ યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૬ – ૧૭ ના શૈક્ષણિક વર્ષ માટે બી.એ. / બી.કોમ.અને એમ.એ. / એમ.કોમ. ના એક્ષટર્નલ ( બાહય ) અભ્યાસક્રમમાં પ્રવેશ કાર્યવાહી શરૂ થનાર છે. બી.એ./બી.કોમ. સેમેસ્ટર ૧ થી ૬ અને એમ.એ./એમ.કોમ.સેમેસ્ટર ૧ થી ૪ ના ફોર્મ કચ્છ યુનિવર્સિટીની વેબસાઈટ kskvku.digitaluniversity.ac પરથી ઓનલાઈન ભરી પ્રવેશ ફી ઓનલાઈન મોડ અથવા ચલણથી ભર્યા બાદ યુનિવર્સિટી ખાતે રૂમ નં. ૧૧૪ (એકેડમિક વિભાગ) માં રૂબરૂમાં અસલ પ્રમાણપત્રોનું વેરીફીકેશન કરાવી આ ફોર્મ યુનિવર્સિટી ખાતે રૂબરૂમાં જમા કરાવાનું રહેશે ત્યારબાદ જ પ્રવેશ કનર્ફોમ થશે. ઓનલાઈન ફોર્મ ભરવા માટેની માહિતી મેળવવા માટેના હેલ્પલાઈન નં. ૦૨૮૩૨ – ૨૩૫૦૦૬ / ૨૩૫૦૧૬ છે.ઓનલાઈન ફોર્મ ભરવા માટેની સુચના તથા ગાઈડલાઈન / વિષય પસંદગીની સૂચના / અચૂક વાંચીને જ ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી કરવી. વેબસાઈટ પરથી ઓનલાઈન ભરેલા ફોર્મની હાર્ડકોપી જમા કરવી ફરજીયાત છે.

ટી.વાય.બી.એ./બી.કોમ. (વાર્ષિક પદ્ધતિ) તથા એમ.એ. / એમ.કોમ. પાર્ટ – ૨ (વાર્ષિક પદ્ધતિ)ના ફોર્મ યુનિવર્સિટીમાંથી કોરા ફોર્મ મેળવી ચેક કરાવવાના રહેશે ફોર્મ ચેક કરાવ્યા બાદ ફીનો ચલણ આપવામાં આવશે તે ફી યુનિયન બેંક ઓફ ઈન્ડિયા ની શાખા માં ભરી ભરેલ ફોર્મ સાથે ફી નું ચલણ જોડી આ ફોર્મ રૂબરૂ યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનું રહેશે ત્યારબાદ જ પ્રવેશ કનફોર્મ ગણવામાં આવશે. બી.એ. / બી.કોમ. સેમેસ્ટર – ૧ / ૩ /૫ અને એમ.એ. / એમ.કોમ. સેમેસ્ટર – ૧/૩ ની પરીક્ષાઓ નવેમ્બર / ડીસેમ્બર ૨૦૧૬ માં અને બી.એ. / બી.કોમ. સેમેસ્ટર – ૨ / ૪ / ૬ અને એમ.એ. / એમ.કોમ. સેમેસ્ટર – ૨ / ૪ તથા એસ.વાય./ ટી.વાય.બી.એ. / બી.કોમ. (વાર્ષિક પદ્ધતિ) અને એમ.એ. / એમ.કોમ. ભાગ – ૨ ની પરીક્ષાઓ માર્ચ / એપ્રિલ ૨૦૧૭ માં લેવામાં આવશે. આ એક્ષટર્નલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટેના ફોર્મ ભરવાની તારીખો આ મુજબની છે.

**તા ૦૧/૦૮/૨૦૧૬ થી ૩૧/૦૮/૨૦૧૬ સુધી (લેઈટ ફી વગર)**

**તા. ૦૧/૦૯/૨૦૧૬ થી ૧૫/૦૯/૨૦૧૬ સુધી (રૂા.૨૫૦/– લેઈટ ફી સાથે)**

ઓનલાઈન ભરેલા ફોર્મ દર્શાવેલ તારીખો દરમ્યાન બીજા તથા ચોથા શનિવાર અને જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ અને ૩.૦૦ થી ૪.૦૦ કલાક દરમ્યાન યુનિવર્સિટી કાર્યાલય (એકેડમિક વિભાગ રૂમ નં. ૧૧૪) માંથી આપવામાં અને સ્વીકારવામાં આવશે. ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીએ પોતાના તમામ પ્રયાસ પ્રમાણપત્રોની પ્રમાણિત ઝેરોક્ષ નકલ ફોર્મ સાથે બિડવી ફરજીયાત છે. ફોર્મ ભરવા વિદ્યાર્થીએ રૂબરૂ જ હાજર રહેવું અન્યથા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. વાર્ષિક પદ્ધતિના તમામ ફોર્મની કિંમત રૂા.૧૦૦/– છે.

તા. ૨૮/૭/૨૦૧૬

ઈ.ચા.કુલસચિવ